આંકઃ–7
દાખલ તારીખઃ– ૦૩/૦૮/૨૦૨૩
રજી. તારીખઃ– ૦૩/૦૮/૨૦૨૩
નિકાલ તારીખઃ–૦૮/૦૮/૨૦૨૩
સમય–વર્ષ–૦૦,માસ–૦૦,દિન–૦૫

**રાજકોટ જિલ્લાનાં મહે. એડિશ્નલ સેશન્સ જજશ્રીની કોર્ટ સમક્ષ,**
**મુ. રાજકોટ**

**ફોજદારી પરચુ. અરજી(આગોતરા જામીન) નં.૨૮૩૧/૨૦૨૩**

**પ્રદિપસિંહ રણજીતસિંહ ચૌહાણ,**
ધર્મે–હીન્દુ, ઉ.વ.૩૫, ધંધો–વેપાર,
રહે.ભવનાથ પેલેસ,
૨– પ્રકાશ સોસાયટી,
રાજકોટ. ........ **અરજદાર**

**વિરૂદ્ધ**

**શ્રી સ ર કા ર** ........ **સામાવાળા**

**બાબત: – ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૮ અન્વયે આગોતરા જામીન અરજી**

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::
**અરજદાર/આરોપી તરફે :– વિદ્ધાન વકીલ શ્રી જી. પી. ગોકાણી**
**સામાવાળા/સરકાર તરફે :– વિદ્ધાન એ.પી.પી.શ્રી એ. એચ. જોષી**
::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

## ચુ કા દો

(૧) આ કામના અરજદાર/આરોપી વિરૂદ્ધ **રાજકોટ શહેર કુવાડવા રોડ પો.સ્ટે.ગુ.રજી.નં.૧૧૨૦૮૦૩૭૨૩૦૪૧૮/૨૦૨૩ ઈ.પી.કો. કલમ–૨૮૫, ૨૮૬,૧૧૪, ૧૨૦(બી) તથા આવશ્યક ચીજવસ્તુધારાની કલમ–૩,૭,૮,૧૦ તથા એકસપ્લોઝીવ સબસ્ટન્સ એકટ–૧૯૮૪ ની કલમ–૯(બી)(૧)(બી)** મુજબનો ગુનો નોંધાયેલો છે, જે ગુનાના કામે પોલીસ એજન્સી, અરજદારની

ધરપકડ કરશે તેવી તેમને દહેશત હોય, ક્રી. પ્રો. કોડની કલમ–૪૩૮ અન્વયે આગોતરા જામીન ઉપર મુકત કરવા માટે  આ જામીન અરજી અરજીમાં જણાવેલ કારણોસર કરેલ છે.

(૨)        અરજદારની અરજી દાખલ થતાં, સામાવાળા/સરકારને નોટીસ કરવામાં આવતા, સરકાર તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી એ. એચ. જોષી હાજર થયેલ છે અને તેમણે પોલીસ પેપર્સ તથા આંક–૫ થી તપાસ કરનાર અધિકારીનું સોગંદનામુ રજુ રાખેલ છે.

(૩)        અરજદારના વિદ્વાન વકીલશ્રી ગોકાણીએ એવી દલીલ કરેલ છે કે, અરજદાર તદ્ન નિર્દોષ છે.  કહેવાતા ગુના અંગે કશુ જાણતા નથી. તેઓ રેઇડ સમયે અને સ્થળે હાજર પણ ન હતા. તેઓએ કોઇ સાથે ગુનાહિત કાવતરૂ રચી આર્થિક લાભ લેવા સારૂ વાહનોમાં મિશ્રીત પેટ્રોલીયમ પુરવઠો કોઇ જગ્યાએથી મેળવી, વેચાણ કરવાનો ગુનો કરેલ નથી. અરજદાર સામે ફરિયાદમાંથી આક્ષેપિત ગુનાના કોઇ તત્વો આકર્ષિત થતા નથી.  આ કામના અરજદાર કોઈ ગેરકાયદેસરનો ધંધો કરતા નથી અને હાલની ફરીયાદ લીગલ માઈન્ડ એપ્લાઈ કરીને આપવામાં આવેલ છે. વધુમાં દલીલ છે કે,  સદરહું કામમાં  સજાની જોગવાઈ વધુમાં વધુ ૩ વર્ષની છે તેમજ એસેન્સીયલ કોમોડીટી એકટ જોવામાં આવે તો સદરહું કામની ફરીયાદ કરવાની સતા કેન્દ્ર સરકાર તેમજ રાજય સરકાર ધ્વારા નિમવામાં આવેલ ગેઝેટેડ ઓફીસરને છે પરંતુ હાલની ફરીયાદ જોવામાં આવે તો આ ફરીયાદમાં ફરીયાદી પોલીસ કર્મચારી છે જેથી પણ આ ફરીયાદ જ ગેરકાયદેસર હોય અરજદારનો જામીન માટેનો પ્રથમદર્શનીય કેસ છે જેથી તેઓને જામીન મંજુર કરવા અરજ ગુજારેલ છે તેમજ આવશ્યક ચીજવસ્તુધારા કલમ–૩,૭,૮,૧૦ મુજબના ગુન્હાની સજાની જોગવાઈ સાત વર્ષની છે. વધુમાં દલીલ કરેલ કે, અરજદાર  કુટુંબ કબીલાવાળા છે, કુટુંબના ભરણપોષણની જવાબદારી અરજદારના શીરે છે. અરજીમાં

જણાવેલ સરનામેના કાયમી નિત્ય નિવાસી છે. કયાંય નાશી ભાગી જાય તેમ નથી અને તેઓને આગોતરા જામીન મુકત કરવામાં આવશે તો નામ.કોર્ટની તમામ શરતોનુ પાલન કરવાની ખાત્રી આપે છે.

અરજદારના વકીલશ્રીએ પોતાની રજૂઆતના સમર્થનમાં આંક–૩ ના લીસ્ટથી દસ્તાવેજી પૂરાવો રજૂ રાખેલ છે તેમજ આંક–૫ ના લીસ્ટથી આ ગુનાના સહઆરોપીઓને અત્રેની અદાલતે રેગ્યુલર જામીન ઉપર મુકત કરેલ છે તેના હુકમોની કોપી રજૂ કરી, હાલના અરજદારને પેરીટીના સિધ્ધાંતનો લાભ આપી આગોતરા જામીન મુકત કરવા જણાવેલ છે તેમજ નામદાર વડી અદાલતના નીચે મુજબના અદાલતી ચુકાદા રજૂ રાખી એવી રજૂઆત કરેલ છે કે, સદર ચુકાદામાં નામદાર ગુજરાત હાઇકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને ધ્યાને લઇ હાલના અરજદારને આગોતરા જામીન મુકત કરવા જોઇએ.

. રે. ક્રીમી.મીસી.એપ્લીકેશન નં.૧૪૪૨૦/૨૦૨૧ ના કામે નામદાર ગુજરાત હાઇકોર્ટે તા.૨૭/૮/૨૧ નારોજ આપેલ ચુકાદાની નકલ
. રે. ક્રીમી.મીસી.એપ્લીકેશન નં.૨૪૪૪/૨૦૨૨ ના કામે નામદાર ગુજરાત હાઇકોર્ટે તા.૦૧/૨/૨૦૨૨ નારોજ આપેલ ચુકાદાની નકલ
. રે. ક્રીમી.મીસી.એપ્લીકેશન નં.૧૧૮૯૫/૨૦૨૧ ના કામે નામદાર ગુજરાત હાઇકોર્ટે તા.૧૦/૧/૨૨ નારોજ આપેલ ચુકાદાની નકલ
. રે. ક્રીમી.મીસી.એપ્લીકેશન નં.૧૪૯૧૦/૨૦૧૯ ના કામે નામદાર ગુજરાત હાઇકોર્ટે તા.૫/૮/૨૦૧૯ નારોજ આપેલ ચુકાદાની નકલ
. રે. ક્રીમી.મીસી.એપ્લીકેશન નં.૧૪૭૧૭/૨૦૨૦ ના કામે નામદાર ગુજરાત હાઇકોર્ટે તા.૮/૧૦/૨૦૨૦ નારોજ આપેલ ચુકાદાની નકલ

(૪) જયારે સામાવાળા/સરકાર તરફે વિદ્વાન એ.પી.પી.શ્રીએ આ જામીન અરજીનો સખત વિરોધ કરી આંક–૫ થી રજૂ તપાસ કરનાર અધિકારીના સોગંદનામા તરફ આ અદાલતનું ધ્યાન દોરી એવી રજૂઆત કરેલ છે કે, અરજદાર

વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ–૨૮૫, ૨૮૬, ૧૧૪, ૧૨૦(બી) તથા આવશ્યક ચીજવસ્તુધારાની કલમ–૩, ૭, ૮, ૧૦ તથા એકસપ્લોઝીવ સબસ્ટન્સ એકટ–૧૯૮૪ ની કલમ–૯(બી),૧(બી) નો ગંભીર ગુનાનો આક્ષેપ છે. અરજદાર, સહઆરોપી જગદીશભાઈ ઉકાભાઈ શિયાળ તથા પકડવાના બાકી આરોપી મનહરસિંહ ઉર્ફે મુન્નાભાઈ જાડેજા સાથે ગુનાહિત કાવતરૂ રચી, કુવાડવા રોડ નવાગામ ઓડી કારના શોરૂમના સામેના ભાગે આવેલ સરકારી ખરાબાના ખુલ્લા પ્લોટમાં કોઈ સક્ષમ અધિકારીના અધિકૃત પરવાના વગર આર્થિક લાભ મેળવવા સારુ ગેરકાયદેસર રીતે ડીઝલ જેવુ ભળતુ ભેળસેળ યુકત પેટ્રોલીયમ પ્રવાહીનો જથ્થો સહઆરોપી મનહરસિંહ જાડેજા મારફતે કોઈ જગ્યાએથી મંગાવી, પોતાના કબ્જા– ભોગવટાવાળા સરકારી ખરાબાવાળા પ્લોટમાં ટેન્કર પાર્ક કરી તેમજ ટાટા ૪૦૭ ટેમ્પો નં.જીજે.૧૧.યુ.૯૨૫૮ માં સ્ટોક રાખી, ત્યાં આવતા ટ્રકો તેમજ અન્ય વાહનોમાં પોતાને ત્યાં નોકરીએ રાખેલ માણસો દિપકભાઈ તથા સુનિલભાઈ મારફતે અલગ– અલગ વાહનોમાં ભેળસેળ યુકત પેટ્રોલીયમ પ્રવાહીનો જથ્થો ભરાવી, વેચાણ કરી– કરાવી, પેટ્રોલીયમ પ્રવાહીનો સંગ્રહ કરી, ફાયર સેફ્ટીના કોઈ સાધનો ન રાખી તેમજ માણસોની જિંદગી જોખમમાં મુકાય તેવો સંભવ હોવાછતાં પુરતા બચાવ માટેની વ્યવસ્થા જાણીજોઈને ન કરી, બેદરકારી દાખવી તેમજ ઈલેક્ટ્રીસીટીનું ડાયરેકટ કનેકશન મેળવી આર્થિક ફાયદો મેળવેલ છે. અરજદારના નામજોગ એફ.આઈ.આર. છે. રેઈડ સમયે પેટ્રોલીયમ ભરાવવા આવેલ ટ્રકોના ડ્રાઈવર, કલીનર તેમજ માલીક પોતાના વાહનોમાં ડીઝલ જેવુ ભેળસેળયુકત જવલનશીલ પેટ્રોલીયમ ભરાવી આર્થિક ફાયદો મેળવતા હાજર મળી આવેલ હોય તેમજ સહઆરોપી જગદીશભાઈ પણ હાજર મળી આવેલ હોય અને તેઓની પુછપરછથી હાલના અરજદારનું નામ ખુલવા પામેલ હોય, અને તે રીતે અરજદાર આ ગુનાના મુખ્ય સુત્રધાર છે. ડીઝલ ભરાવવા માટે આવેલ ટ્રક ડ્રાઈવર/કલીનર વિ.ના નિવેદનોથી અરજદારના ગુનાહિત કૃત્યને સમર્થન મળેલ છે તેમજ તપાસ કરનાર અધિકારીના સોગંદનામા મુજબ આ ગુનાના અન્ય મુખ્ય આરોપી મનહરસિંહ ઉર્ફે મુન્નાભાઈ જાડેજાને હજુ પકડવાના બાકી હોય તેમજ અરજદારના પણ કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશન બાકી હોય, અરજદાર સામે જુદા જુદા

પો.સ્ટે.માં કુલ–ર ગુનાઓ નોંધાયેલ હોય, તેઓ ગુનાઓ કરવાની ટેવવાળા હોય, અરજદારને આગોતરા જામીનની સવલત આપવામાં આવ્યેથી નાસતા– ફરતા આરોપી સાથે મળી, પુરાવાનો નાશ કરે તેવી શકયતા હોય તેમજ ફરીથી આવા પ્રકારના ગુનાઓ આચરે તેવી, નાસી–ભાગી જાય તેવી તેમજ તપાસને વિપરીત અસર પડે તેવી શકયતા હોય અરજદારની આગોતરા જામીન અરજી રદૃ કરવી જોઈએ.

(પ) બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ રજુઆતો ધ્યાને લીધી. અરજદારે અરજીમાં જણાવેલ હકીકતો અને અરજીના કામે રજૂ દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા. તપાસ કરનાર અમલદારનું સોગંદનામું તથા પોલીસ પેપર્સ વંચાણે લીધા તેમજ નામદાર વડી અદાલતના અદાલતી ચુકાદા ધ્યાને લીધા.

પોલીસ પેપર્સમાં સામેલ ફરિયાદ તેમજ તપાસ કરનાર અધિકારીનું સોગંદનામુ વંચાણે લેતાં, હાલના અરજદાર સામે નાસતા–ફરતા આરોપી મનહરસિંહ ઉર્ફે મુન્નાભાઈ જાડેજા તેમજ બનાવ સ્થળે હાજર મળી આવેલ જગદીશભાઈ ઉકાભાઈ શીયાળ સાથે ગુનાહિત કાવતરૂ રચી, કુવાડવા રોડ નવાગામ ઓડી કારના શોરૂમના સામેના ભાગે આવેલ સરકારી ખરાબાના ખુલ્લા પ્લોટમાં કોઈ સક્ષમ અધિકારીના અધિકૃત પરવાના વગર આર્થિક લાભ મેળવવા સારુ ગેરકાયદેસર રીતે ડીઝલ જેવુ ભળતુ ભેળસેળ યુકત પેટ્રોલીયમ પ્રવાહીનો જથ્થો સહઆરોપી મનહરસિંહ જાડેજા મારફતે કોઈ જગ્યાએથી મંગાવી, પોતાના કબ્જા– ભોગવટાવાળા સરકારી ખરાબાવાળા પ્લોટમાં ટેન્કર પાર્ક કરી તેમજ ટાટા ૪૦૭ ટેમ્પો નં.જીજે.૧૧.યુ.૯૨૫૮ માં સ્ટોક રાખી, ત્યાં આવતા ટ્રકો તેમજ અન્ય વાહનોમાં પોતાને ત્યાં નોકરીએ રાખેલ માણસો દિપકભાઈ તથા સુનિલભાઈ મારફતે અલગ– અલગ વાહનોમાં ભેળસેળ યુકત પેટ્રોલીયમ પ્રવાહીનો જથ્થો ભરાવી, વેચાણ કરી– કરાવી, પેટ્રોલીયમ પ્રવાહીનો સંગ્રહ કરી, ફાયર સેફટીના કોઈ સાધનો ન રાખી તેમજ માણસોની જિંદગી જોખમમાં મુકાય તેવો સંભવ હોવાછતાં પુરતા બચાવ માટેની વ્યવસ્થા જાણીજોઈને ન કરી, બેદરકારી દાખવી

તેમજ ઈલેક્ટ્રીસીટીનું ડાયરેકટ કનેકશન મેળવી આર્થિક ફાયદો મેળવી, ઈ.પી.કો. કલમ–૨૮૫,૨૮૬,૧૧૪,૧૨૦(બી) તથા આવશ્યક ચીજવસ્તુધારાની કલમ–૩, ૭, ૮, ૧૦ તથા એકસપ્લોઝીવ સબસ્ટન્સ એકટ–૧૯૮૪ ની કલમ–૯(બી),૧ (બી) જેવા ગંભીર ગુનાનો આક્ષેપ છે. એફ.આર.આર. વંચાણે લેતાં, અરજદારના નામજોગ ફરિયાદ છે. વધુમાં ફરિયાદ તેમજ પોલીસ પેપર્સ વંચાણે લેતાં, રેઈડ સમયે પેટ્રોલીયમ ભરાવવા આવેલ ટ્રકોના ડ્રાઈવર, કલીનર તેમજ માલીક પોતાના વાહનોમાં ડીઝલ જેવુ ભેળસેળયુકત જવલનશીલ પેટ્રોલીયમ ભરાવી આર્થિક ફાયદો મેળવતા મળી આવેલ હોય, અને બનાવવાળી જગ્યાએથી મુદ્દામાલ પેટ્રોલીયમ તેમજ રીફીલીંગના સાધનો પણ કબ્જે કરવામાં આવેલ હોય અને સહઆરોપીના નિવેદનના આધારે પણ હાલના અરજદાર આ ગુનાના મુખ્ય સુત્રધાર હોવાનું ખુલેલ હોય તેમજ ડીઝલ ભરાવવા માટે આવેલ ટ્રક ડ્રાઈવર/કલીનર વિ.ના નિવેદનોથી અરજદાર સામેના આક્ષેપોને સમર્થન મળેલ છે ત્યારે તેમજ અરજદારના કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશન માટે જરૂર હોવાની સરકાર તરફે રજૂઆત છે ત્યારે તેમજ અરજદારને આગોતરા જામીનની સવલત આપવામાં આવ્યેથી આ ગુનાના અન્ય મુખ્ય આરોપી મનહરસિંહ ઉર્ફે મુન્નાભાઈ જાડેજાને નાસવા ભાગવામાં મદદગારી કરે તેવી તેમજ પુરાવાનો નાશ કરે તેવી સરકાર તરફે વ્યકત કરવામાં આવેલ દહેશતને ધ્યાને લેતાં, આગોતરા જામીન અરજી મંજૂર કરવાપાત્ર જણાતી નથી.

વળી, આંક–૫ થી રજૂ તપાસ કરનાર અધિકારીના સોગંદનામામાં અરજદાર/આરોપી સામે કુવાડવા રોડ પો.સ્ટે.માં ઇ.પી.કો. કલમ–૩૦૬ નો એક તથા ઇડર સાબરકાંઠા પો.સ્ટે.માં ઇ.પી.કો. કલમ–૨૭૯ નો એક મળી કુલ–૨ ગુનાઓ નોંધાયેલ હોવાનું દર્શાવેલ છે, જેની સામે અરજદાર તરફે કુવાડવા રોડ પો.સ્ટે.માં નોંધાયેલ ઇ.પી.કો. કલમ–૩૦૬ અન્વયેના કેસમાં સેસન્સ કેસ નં.૧૪૩/૨૦૧૬ ના કામે મુખ્ય સેસન્સ જજશ્રીએ તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકતા હુકમની કોપી રજૂ રાખેલ છે જે ધ્યાને લીધેલ છે તેમછતાં અરજદાર સામે ઇડર સાબરકાંઠા પો.સ્ટે.માં નોંધાયેલ એક ગુનો હજૂ પેન્ડીંગ છે અર્થાત અરજદાર ગુનો કરવાની અને એક ગુનામાંથી જામીન મુકત થયા બાદ શરતોનો ભંગ કરી,

ફરીથી ગુનાઓ કરવાની ટેવવાળા છે, તેઓને આગોતરા જામીનની સવલત આપવામાં આવ્યેથી તેઓ  ફરીથી ગુનાઓ આચરે તેવી તેમજ નાસી–ભાગી જાય તેવી દહેશતને નકારી શકાય તેમ નથી.

અરજદારના વકીલશ્રીએ આંક–૬ ના લીસ્ટથી નામદાર વડી અદાલતના વસીમ ઈકબાલભાઈ કથીરી વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદાની નકલ રજૂ કરી એવી રજૂઆત કરેલ છે કે, આરોપીની જામીન અરજીનો નિર્ણય કરતી વખતે તેઓનો ગુનાહિત ઈતિહાસ ધ્યાને લેવાનો નથી પરંતુ, સદરહુ ચુકાદો એ રેગ્યુલર જામીન અરજીનો છે, જયારે હાલના અરજદારે મારી સમક્ષ રેગ્યુલર નહિ પણ આગોતરા જામીન અરજી કરેલ છે, જેથી અરજદાર તરફે રજૂ થયેલ સદરહુ ચુકાદો આ કામમાં લાગુ પાડી શકાય તેમ નથી.

અરજદારના વકીલશ્રીએ આંક–૬ ના લીસ્ટથી રજૂ કરેલ નામદાર વડી અદાલતના અન્ય ચુકાદાઓ વંચાણે લેતાં, તે તમામ ચુકાદાઓ આગોતરા જામીનને લગતા છે પરંતુ, તે ચુકાદાઓના કેસમાં આરોપીનો ગુનાહિત ઈતિહાસ ન હતો,  જયારે મારી સમક્ષના કેસમાં આરોપીનો ગુનાહિત ઈતિહાસ છે, તેઓ સામે ગંભીર ગુનાના આક્ષેપો છે, તેઓ મુખ્ય આરોપી છે અને કેસની ઉંડાણપૂર્વકની તપાસ માટે  તેઓના કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશન જરૂરી હોવાની સરકાર તરફે રજૂઆત છે, જેથી નમ્રપણે જણાવુ છુ કે, અરજદાર તરફે રજૂ થયેલ નામદાર વડી અદાલતના ચુકાદાઓ આ કેસમાં લાગુ પાડી શકાય તેમ નથી.

વધુમાં, અરજદારના વકીલશ્રીએ આંક–૬ ના લીસ્ટથી  આ ગુનાના સહઆરોપીઓને અત્રેની અદાલતે રેગ્યુલર જામીન ઉપર મુકત કરેલ તેના હુકમોની નકલ રજૂ કરી, હાલના અરજદારને પેરીટીના સિદ્ધાંતનો લાભ આપી જામીન મુકત કરવા જણાવેલ છે **પરંતુ, નામદાર વડી અદાલતે ૨૦૧૮(૧) જીએલઆર પેજ નં.૭૨  ઉપર પ્રસિધ્ધ થયેલ લલીત અમરીતરાજ ચૌધરી વિ. સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદામાં એવુ પ્રસ્થાપિત કરેલ છે કે, "નિયમીત જામીન અને આગોતરા જામીન વચ્ચે સમાનતા ન હોઈ શકે(નો–પેરીટી) અર્થાત નિયમીત જામીન ઉપર મુકત થયેલ સહઆરોપીની પેરીટીનો લાભ, નાસતા– ફરતા આરોપી કે જેઓની અટક કરવાની અને કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશન બાકી છે તેવા આરોપીને મળી શકે નહિ. જેથી

હાલના અરજદારને, નિયમીત જામીન ઉપર મુકત થયેલ સહઆરોપીની પેરીટીનો લાભ મળવાપાત્ર થતો નથી.

અત્રે એ નોંધવુ આવશ્યક છે કે, **નામદાર સુપ્રિમ કોર્ટે આગોતરા જામીન અરજી સંબંધે ૨૦૧૯ ક્રી.લો.જ. પેજ નં.૪૭૫૪ ઉપર પ્રસિધ્ધ થયેલ પી. ચિંદમ્બરમ વિ. ડાયરેકટોરેટ ઓફ ઇન્ફોર્સમેન્ટ**ના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, આગોતરા જામીન અરજીને અસાધારણ ઉપાયનો આશરો લેવા માટે અપવાદરૂપ સંજોગો અસતિત્વમાં હોવા જોઇએ. મારી સમક્ષના કેસમાં ગુનાની ગંભીરતા, અરજદાર મુખ્ય આરોપી હોવાની હકીકત તેમજ તેઓના કસ્ટોડીયલ ઇન્ટ્રોગેશન વગર પોલીસ તપાસ થઇ શકે તેમ ન હોય, અર્થાત કોઇ ખાસ અને અપવાદરૂપ સંજોગો જણાઇ આવેલ ન હોય, અરજદારને આગોતરા જામીનની સવલત આપવી ન્યાયોચિત અને વ્યાજબી જણાતુ ન હોય, નીચે મુજબનો આખરી હુકમ કરૂ છુ.

## **હુ ક મ**

(૧) અરજદાર/આરોપીની હાલની આગોતરા જામીન માટેની ફોજદારી પરચુરણ અરજી નં.**૨૮૩૧/૨૦૨૩** આથી નામંજુર (રદ) કરવામાં આવે છે.

આ હુકમ આજ **તા.૮મી, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૩** નાં રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

રાજકોટ.

તા.૦૮/૦૮/૨૦૨૩

**(જગદીશકુમાર ડાયાભાઈ સુથાર)**
એડિશન્લ સેસન્સ જજ
રાજકોટ
કોડ નં.જીજે ૦૦૫૪૬